# ૧૯૭૨ની સૌથી મોંઘી વૉર ફિલ્મઃ ‘લલકાર’



મૂવિયાના

ઇન્ડિયન સિનેમાના ઈતિહાસમાં વૉર આધારિત ફિલ્મો બનાવવી હંમેશા પડકારજનક રહી છે. આજના યુગમાં ગ્રાફિક્સ અને VFX દ્વારા યુદ્ધના સિન શૂટ કરવા ઈજી છે, પરંતુ ૭૦ના દાયકામાં આ સુવિધાઓ વિના યુદ્ધની ભીષણતા બતાવવી તે એક સાહસ હતું. રામાનંદ સાગરની ૧૯૭૨માં આવેલી ફિલ્મ ‘લલકાર’ આવી જ એક ફિલ્મ છે, ફિલ્મ પાછળના કિસ્સાઓ ફિલ્મ જેટલા જ રોમાંચક છે.

‘લલકાર’ ફિલ્મ રામાનંદ સાગરે પોતે લખેલી હિન્દી નવલકથા ‘લલકાર’ પર આધારિત હતી. બહુ ઓછા લોકોને ખબર છે કે રામાનંદ સાગર એક સારા ડિરેક્ટર હોવાની સાથે સાથે ખૂબ જ કુશળ રાઈટર પણ હતા. આ ફિલ્મની સફળતા બાદ તેમની લલકાર નવલકથા ખૂબ વેચાઈ હતી.

૧૯૬૫ના ભારત-પાકિસ્તાન યુદ્ધના પરમવીર ચક્ર વિજેતા શહીદ અબ્દુલ હમીદની વીરતાને પડદા પર ફિલ્મ તરીકે ‘લલકાર’ ફિલ્મ રામાનંદ સાગરે બનાવી. અબ્દુલ હમીદે એકલા હાથે પાકિસ્તાનના ૮ ટેન્કોને ડિસ્ટ્રોય કર્યા હતા. આ ઘટનાથી પ્રભાવિત થઈને રામાનંદ સાગરે તે યુદ્ધના મેદાનની મુલાકાત લીધી હતી અને શહીદ હમીદને શ્રદ્ધાંજલિ આપવા માટે ફિલ્મ બનાવવાનું નક્કી કર્યું હતું.

રામાનંદ સાગર વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીજીની મુલાકાત પણ લીધી હતી, જોકે, તાશ્કંદ કરાર અને શાસ્ત્રીજીના અકાળ અવસાનને કારણે ફિલ્મ પ્રોડક્શન અટકી પણ ગયુ હતું. આખરે રામાનંદ સાગરે તેમની લોકપ્રિય નવલકથા ‘લલકાર’ પરથી બીજા વિશ્વયુદ્ધની પૃષ્ઠભૂમિ પર આ ફિલ્મ બનાવવાનો નિર્ણય કર્યો.

ફિલ્મમાં તે સમયના દિગ્ગજ કલાકારો રાજેન્દ્ર કુમાર, ધર્મેન્દ્ર, માલા સિન્હા અને કુમકુમ મેઈન રોલમાં હતા. ફિલ્મમાં રાજેન્દ્ર કુમાર (એરફોર્સ ઓફિસર) અને ધર્મેન્દ્ર (આર્મી ઓફિસર) બંને ભાઈઓની રોલમાં જોવા મળે છે. તે સમયે રાજેન્દ્ર કુમાર ‘જુબલી કુમાર’ તરીકે જાણીતા હતા, જ્યારે ધર્મેન્દ્રનું સ્ટારડમ પણ ટોચ પર હતું. ફિલ્મના પોસ્ટર્સ અને ક્રેડિટ્સમાં કોનું નામ પહેલા આવશે તે બાબતે તે સમયે ઘણી ચર્ચાઓ ચાલી હતી, પરંતુ રામાનંદ સાગરે બંનેને સમાન મહત્ત્વ આપીને મામલો થાળે પાડ્યો હતો.

‘લલકાર’ ફિલ્મ દ્વારા પ્રેમ સાગરે સિનેમેટોગ્રાફર તરીકે ડેબ્યૂ કર્યું હતું. આ ફિલ્મ પ્રેમ સાગરની સિનેમેટોગ્રાફર તરીકેની પહેલી ફિલ્મ હતી. ધર્મેન્દ્રને શંકા હતી કે ૨૭ વર્ષનો આ યુવાન (પ્રેમ સાગર)હી-મેનને પડદા પર યોગ્ય રીતે બતાવી શકશે કે નહીં. તેથી ધર્મેન્દ્ર દરરોજ શૂટિંગના ફૂટેજ ચેક કરતા હતા. જોકે, પ્રેમ સાગરનું કામ જોઈને ધર્મેન્દ્ર એટલા પ્રભાવિત થયા કે બંને વચ્ચે પાકી દોસ્તી થઈ ગઈ.

મનાલીમાં શૂટિંગ દરમિયાનનો એક રસપ્રદ કિસ્સો છે કે, મનાલીમાં સોલાંગ ઘાટી પાસે એક ખૂબ જ મહત્ત્વના સિનનું શૂટિંગ કરવાનું હતું. ધર્મેન્દ્ર અને તેમની ટીમ ભારે જહેમત ઉઠાવીને ખીણમાં પહોંચી ગયા હતા. પરંતુ ત્યારે ખબર પડી કે આસિસ્ટન્ટ ફિલ્મની રીલ લાવવાનું જ ભૂલી ગયા છે. રામાનંદ સાગરે ગુસ્સે થવાને બદલે વાયરલેસ પર જાહેરાત કરી કે, ‘આજે શૂટિંગ નથી, આજે પિકનિક ડે છે!’ અને આખો દિવસ કલાકારોએ પિકનિક ડે બનાવ્યો!

**ફિલ્મમાં વિશ્વવિખ્યાત પહેલવાન દારા સિંઘે પણ સૈનિકની મહત્વની રોલ હતો. તેમની હાજરીને કારણે ફિલ્મના એક્શન સિન્સ વધુ મજબૂત અને પ્રભાવશાળી બન્યા હતા. રસપ્રદ વાત એ છે કે, પાછળથી રામાનંદ સાગરે જ તેમને ‘રામાયણ’ સીરિયલમાં હનુમાનજીની રોલ માટે સિલેક્ટ કર્યા હતા**

સૌથી મહત્વની વાત એ છે કે આ ફિલ્મમાં આઝાદ હિન્દ ફોજ અને નેતાજી સુભાષચંદ્ર બોઝનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી, જ્યારે હકીકતમાં તે સમયે ઉત્તર-પૂર્વ ભારતમાં જાપાની સેના અને આઝાદ હિન્દ ફોજ સાથે મળીને લડી રહી હતી. કદાચ દર્શકોની પસંદગીને ધ્યાનમાં રાખીને સાગર સાહેબે આ ભાગ ટાળ્યો હોઈ શકે.

ફિલ્મમાં કેટલીક ખામીઓ પણ જોવા મળે છે. કુમકુમને ઉત્તર-પૂર્વ ભારતની રાજકુમારી બતાવાઈ હતી, જે રોલમાં કદાચ હેલનને કાસ્ટ કરી હોત તો વધુ હોતે. કુમકુમે આ ફિલ્મમાં એક આદિવાસી રાજકુમારી (તોશી) ની ભૂમિકા ભજવી હતી. તેમનો લુક અને હેરસ્ટાઈલ એટલા લોકપ્રિય થયા હતા કે તે સમયની યુવતીઓમાં આ પ્રકારની હેરસ્ટાઈલની ફેશન ચાલી નીકળી હતી, જોકે ટીકાકારોને તેઓ જરાય ‘નોર્થ-ઈસ્ટ’ના આદિવાસી નહોતા લાગતા.

બીજી ખામીએ કે, ફિલ્મમાં જાપાની સેનાના સૈનિકો તરીકે જે કલાકારોને લેવામાં આવ્યા હતા, તેઓ દેખાવમાં જરાય જાપાની લાગતા નહોતા. જાણીતા ફાઈટ માસ્ટર એમ.બી. શેટ્ટી અને અભિનેતા મનમોહન જાપાની ઓફિસર બન્યા હતા, પરંતુ તેમનું કદ-કાઠી અને રંગરૂપ ભારતીય જ હતું. આજના સમયમાં આ વાત કદાચ વિચિત્ર લાગે, પણ તે સમયે આ સામાન્ય હતું.


જોકે, ફિલ્મનું મ્યૂઝિક અત્યંત ખૂબ સારું છે. મોહમ્મદ રફીના અવાજમાં ‘આજ ગા લો મુસ્કુરા લો’ અને રફી-લતા મંગેશકરનું ડ્યુએટ ‘બોલ મેરે સાથિયા’ આજે પણ લોકપ્રિય છે.

સૌથી મોંઘી વૉર ફિલ્મઃ ‘લલકાર’ તેના સમયની સૌથી મોંઘી વૉર ફિલ્મોમાંની એક ગણાતી હતી. યુદ્ધના સિન્સ અને એરફોર્સના ઓપરેશન્સ બતાવવા માટે રામાનંદ સાગરે જંગી ખર્ચ કર્યો હતો. ફિલ્મના પ્રોડક્શન વેલ્યૂને કારણે તે સમયે પ્રેક્ષકોમાં ભારે ઉત્સુકતા જોવા મળી હતી.

ફિલ્મમાં વિશ્વવિખ્યાત પહેલવાન દારા સિંઘે પણ સૈનિકની મહત્વની રોલ હતો. તેમની હાજરીને કારણે ફિલ્મના એક્શન સિન્સ વધુ મજબૂત અને પ્રભાવશાળી બન્યા હતા. રસપ્રદ વાત એ છે કે, પાછળથી રામાનંદ સાગરે જ તેમને ‘રામાયણ’ સીરિયલમાં હનુમાનજીની રોલ માટે સિલેક્ટ કર્યા હતા.

આ ફિલ્મ પ્રેમ સાગરની પહેલી ફિલ્મ હતી. વિડિયોમાં એક જગ્યાએ એવો પણ ઉલ્લેખ છે કે ધર્મેન્દ્રના ભાઈ અજીત સિંહ દેઓલે પણ આ ફિલ્મમાં નાની ભૂમિકા ભજવી હતી. આ રીતે દેઓલ પરિવાર સાથે સાગર પરિવારના સંબંધો આ ફિલ્મથી વધુ ગાઢ બન્યા હતા.

બોક્સ ઓફિસ પર આ ફિલ્મ કેટલી સફળ રહી તે અંગે મતમતાંતર છે. કેટલાક રેકોર્ડ્સ તેને નિષ્ફળ ગણાવે છે, જ્યારે પ્રેમ સાગરના જણાવ્યા મુજબ આ ફિલ્મ સિલ્વર જુબલી હિટ સાબિત થઈ હતી. ગમે તે હોય, પણ ‘લલકાર’ આજે પણ ભારતીય સિનેમાની એક શ્રેષ્ઠ વૉર ફિલ્મ તરીકે યાદ કરવામાં આવે છે. ●



# સૂરોની મલ્લિકા ‘વોઈસ રેસ્ટ’ પર જવા મજબૂર?



વાયરલ

ભારતીય સંગીત જગતમાં જેનું નામ સાંભળતા જ ઊર્જા અને જોશનો અનુભવ થાય, તે એટલે સુનિધિ ચૌહાણ. છેલ્લા અઢી દાયકાથી પોતાના અવાજથી કરોડો દિલો પર રાજ કરનાર સુનિધિ તાજેતરમાં લખનઉમાં એક લાઈવ કોન્સર્ટ દરમિયાન ચર્ચામાં આવી છે. આજે આપણે તેમની આ સફર, તે રાતનો અનુભવ અને સંગીત પ્રત્યેના તેમના અતૂટ સમર્પણ વિશે વાત કરીશું.

**સુનિધિજી, સૌથી પહેલા તો તમારી તબિયત વિશે જણાવો. લખનઉની એ ઘટના પછી ચાહકો ખૂબ ચિંતામાં છે. અત્યારે તમે કેવું અનુભવો છો?**

**સુનિધિઃ** પહેલા તો તમારા પ્રેમ અને ચિંતા માટે ખૂબ ખૂબ આભાર. અત્યારે ઘણી સારી છું. ડોક્ટરોએ મને થોડા દિવસો માટે ‘વોઈસ રેસ્ટ’ આપવાની સલાહ આપી છે. એક ગાયક તરીકે, જ્યારે તમારું ગળું બરાબર ન હોય, ત્યારે તે માત્ર શારીરિક બીમારી નથી હોતી, પણ માનસિક રીતે પણ તમે ભાંગી પડો છો, પણ હવે હું રિકવરીના પથ પર છું.

**લખનઉના એ સ્ટેજ પર શું થયું હતું? વીડિયોમાં અમે જોયું કે તમે ખૂબ જ ભાવુક થઈ ગયા હતા. એ ક્ષણે તમારા મનમાં શું ચાલી રહ્યું હતું?**

**સુનિધિઃ** જુઓ, હું હંમેશા માનું છું કે જે પ્રેક્ષકો મને સાંભળવા આવે છે, તેઓ પોતાની મહેનતની કમાણી અને કિંમતી સમય ખર્ચીને આવે છે. તે રાત્રે મારું ગળું પહેલેથી જ થોડું ખરાબ હતું, પણ મને એમ કે સ્ટેજ પર ગયા પછી બધું ઠીક થઈ જશે. મેં ગાવાનું શરૂ કર્યું, પણ એક તબક્કે મને સમજાયું કે મારા ગળામાંથી સૂર નીકળી રહ્યા નથી. મને એ વાતનું ખૂબ દુઃખ થયું કે હું મારા ફેન્સને જે આપવા આવી છું તે આપી નથી શકતી. એ હેલ્પનેસને કારણે મારી આંખો ભરાઈ આવી. મને લાગ્યું કે હું તેમને નિરાશ કરી રહી છું.

**એક કલાકાર માટે તેની નબળાઈ સ્ટેજ પર બતાવવી ખૂબ અઘરી હોય છે. પણ સોશિયલ મીડિયા પર લોકોએ તમારા એ રડતા વીડિયોને જોઈને તમારી પ્રશંસા કરી છે. તમે આને કેવી રીતે જુઓ છો?**

**સુનિધિ :** સાચું કહું તો, મેં એવું નહોતું વિચાર્યું કે આ વીડિયો વાયરલ થશે કે લોકો શું કહેશે. એ ક્ષણે હું કોઈ ‘સ્ટાર’ નહોતી, પણ એક એવી વ્યક્તિ હતી જે પોતાનું કામ પૂરી તાકાતથી કરવા માંગતી હતી. લોકોએ જે પ્રેમ આપ્યો છે તેનાથી હું નમ્ર બની ગઈ છું. લોકો સમજી શક્યા કે કલાકાર પણ માણસ છે અને તેને પણ શારીરિક મર્યાદાઓ નડી શકે છે. એ પ્રેમ જ મને જલ્દી સાજા થવાની શક્તિ આપે છે.

**તમે નાનપણથી ગાવાનું શરૂ કર્યું છે. શું ક્યારેય અગાઉ આવી સ્થિતિનો સામનો કરવો પડ્યો છે?**

**સુનિધિ :** હા, નાની-મોટી તકલીફો તો આવતી રહે છે. લાઈવ પરફોર્મન્સમાં હંમેશા પડકારો હોય છે. ક્યારેક સાઉન્ડ સિસ્ટમ બગડે, ક્યારેક તબિયત નરમ હોય, પણ લખનઉની ઘટના થોડી અલગ હતી કારણ કે ત્યાં મારું ગળું સાવ બેસી ગયું હતું. ભૂતકાળમાં મેં તાવમાં કે માથાના દુખાવામાં પણ શો કર્યા છે, પણ અવાજ જ સાથ ન આપે ત્યારે તમે લાચાર થઈ જાઓ છો.

**આજના સમયમાં ઓટો-ટ્યુન અને ટેકનોલોજીનો ઘણો ઉપયોગ થાય છે, પણ તમે હંમેશા લાઈવ ગાવાનો આગ્રહ રાખો છો. શું આ મહેનત જ ક્યારેક ગળા પર ભારે પડે છે?**

**સુનિધિ :** ચોક્કસ. લાઈવ ગાવામાં જે એનર્જી જોઈએ તે સ્ટુડિયોમાં નથી હોતી. હું સ્ટેજ પર માત્ર ગાતી નથી, હું નાચું છું, કૂદું છું અને પ્રેક્ષકો સાથે કનેક્ટ થાઉં છું. આમાં ગળા પર ઘણું દબાણ આવે છે. પણ મને લાગે છે કે લાઈવ ગાવાનો જે આનંદ છે, તે જ સાચું સંગીત છે. ટેકનોલોજી સૂર સુધારી શકે, પણ લાગણી નથી લાવી શકતી.

**ઉભરતા ગાયકો, જેઓ તમને આદર્શ માને છે, તેમને તમે શું સલાહ આપશો? ખાસ કરીને જ્યારે સ્ટેજ પર આવી કોઈ પ્રોબ્લેમ થાય ત્યારે?**

**સુનિધિ :** મારી સલાહ એ જ છે કે ક્યારેય હાર ન માનો. તમારી જાત સાથે ઈમાનદાર રહો. જો તબિયત બરાબર ન હોય, તો તે સ્વીકારવામાં કાઇ ખોટું નથી. પ્રેક્ષકો તમારી ઈમાનદારીની કદર કરશે અને હા, રિયાઝ ક્યારેય ન છોડવો. તમારી વોકલ હેલ્થ એ જ તમારી સૌથી મોટી સંપત્તિ છે.

**અંતમાં, તમારા ચાહકો માટે કોઈ ખાસ સંદેશ?**

**સુનિધિ :** બસ એટલું જ કહીશ કે, આ તો નાનકડો વિરામ છે, અંત નથી. હું ખૂબ જ જલ્દી ફરીથી એ જ એનર્જી સાથે સ્ટેજ પર પાછી ફરીશ. તમારા બધાની પ્રાર્થનાઓ અને પ્રેમ માટે હું આજીવન આભારી રહીશ. જલ્દી મળીશું! ●

# મિત્રએ આપેલી એક પંક્તિએ જે. ઓમ પ્રકાશનું જીવન બનાવી દીધુ!



**બોલિવૂડમાં અંધશ્રદ્ધા કે ટોણા-ટોટકા નવી વાત નથી. જે. ઓમ પ્રકાશની એક ખાસિયત એ હતી કે તેમની મોટાભાગની સફળ ફિલ્મોના નામ ‘A’ (અ) અક્ષરથી શરૂ થતા હતા**

ડાયરેક્ટર લાઈફ

ફિલ્મ જગતમાં પ્રતિભા અને મહેનતની સાથે સાથે નસીબ અને કેટલીક અનોખી માન્યતાઓનો પણ મોટો પ્રભાવ રહ્યો છે. બોલિવૂડના ઈતિહાસમાં એક એવો કિસ્સો ખૂબ જ મશહૂર છે, દિગ્ગજ ફિલ્મ પ્રોડ્યસરએ ચોક્કસ ‘અક્ષર’ પર પોતાની સફળતાનો પાયો નાખ્યો હતો. પ્રખ્યાત નિર્માતા-નિર્દેશક જે. ઓમ પ્રકાશ.

જે. ઓમ પ્રકાશઃ બોલિવૂડમાં જેમણે ‘A’ અક્ષરને સફળતાનો પર્યાય બનાવ્યો.

ભારતીય સિનેમાનો ઈતિહાસ અનેક પ્રતિભાશાળી કલાકારો અને નિર્માતા-નિર્દેશકોથી ભરેલો છે. પરંતુ કેટલાક એવા પણ હોય છે જેઓ પોતાની ખાસ શૈલી અને કેટલીક અનોખી માન્યતાઓને કારણે ઈતિહાસમાં અમર થઈ જાય છે. આવા જ એક દિગ્ગજ નિર્માતા અને નિર્દેશક એટલે જે. ઓમ પ્રકાશ. નવી પેઢી કદાચ તેમને સુપરસ્ટાર હૃતિક રોશનના નાના તરીકે વધુ ઓળખતી હશે, પરંતુ હિન્દી સિનેમામાં તેમનું યોગદાન ઘણું છે.

જે. ઓમ પ્રકાશનો જન્મ વર્ષ ૧૯૨૬માં અવિભાજિત ભારતના સિયાલકોટમાં થયો હતો. તેમના પિતા લાહોરની એક શાળામાં શિક્ષક હતા. બાળપણથી જ તેમને ગીત, સંગીત અને સાહિત્યમાં ઊંડો રસ હતો. કોલેજના દિવસોમાં તેઓ નાટકોમાં એક્ટિવ હતા અને ફેઝ અહમદ ફેઝ તેમજ કતીલ શિફાઈ જેવા મહાન શાયરો તેમના મિત્રો હતા.

ભારતના ભાગલા વખતે તેઓ સપરિવાર મુંબઈ આવી ગયા. ફિલ્મોનો શોખ તેમને માયાનગરીમાં ખેંચી લાવ્યો, જ્યાં તેમણે શરૂઆતમાં ‘સ્પૉટ બોય’ તરીકે પણ કામ કર્યું. બાદમાં જાણીતા દિગ્દર્શક મોહન સહગલ સાથે કામ કરતા કરતા તેઓ ફિલ્મ જગતની બારીકીઓ શીખ્યા.

બોલિવૂડમાં અંધશ્રદ્ધા કે ટોણા-ટોટકા નવી વાત નથી. જે. ઓમ પ્રકાશની એક ખાસિયત એ હતી કે તેમની મોટાભાગની સફળ ફિલ્મોના નામ ‘A’ (અ) અક્ષરથી શરૂ થતા હતા. તેની શરૂઆત પાછળ એક રસપ્રદ કિસ્સો છે. જ્યારે તેઓ લાહોરથી મુંબઈ આવી રહ્યા હતા, ત્યારે તેમના મિત્ર કતીલ શિફાઈએ તેમને એક શેરની પંક્તિ ભેટ આપી હતી ‘ઉડતે ઉડતે આસ કા પંછી’.

આ પંક્તિ પરથી તેમણે પોતાની પહેલી ફિલ્મનું નામ રાખ્યું ‘આસ કા પંછી’ (૧૯૬૦), જે સુપરહિટ રહી. ત્યારબાદ તેમણે ‘આઈ મિલન કી બેલા’ બનાવી, જે પણ બ્લોકબસ્ટર સાબિત થઈ. આ બે સફળતાઓ પછી તેમણે ‘A’ અક્ષરને પોતાનો લકી અક્ષર માની લીધો. તેમની સફળ ફિલ્મોની યાદી લાંબી છેઃ

જે. ઓમ પ્રકાશે જ હૃતિક રોશનને પહેલીવાર કેમેરા સામે લાવ્યા હતા. ૧૯૮૦માં આવેલી ફિલ્મ ‘આશા’ માં તેમણે હૃતિકને બાળ કલાકાર તરીકે તક આપી હતી. હૃતિકના પિતા રાકેશ રોશન પણ તેમની સાથે સહાયક તરીકે કામ કરતા હતા અને બાદમાં જે. ઓમ પ્રકાશે પોતાની પુત્રી પિંકીના લગ્ન રાકેશ રોશન સાથે કરાવ્યા હતા.

રસપ્રદ વાત એ છે કે ‘ખાસ અક્ષર’ રાખવાની આ પરંપરા તેમના પરિવારમાં આગળ વધી. તેમના સાઢુ મોહન કુમારે પણ ‘A’ અક્ષરથી ફિલ્મો બનાવી (જેમ કેઃ ‘અમીર ગરીબ’, ‘અવતાર’, ‘અમૃત’) એટલું જ નહીં, તેમના જમાઈ રાકેશ રોશને પણ આ પરંપરાને અનુસરીને ‘K’ અક્ષર પસંદ કર્યો. રાકેશ રોશને ‘ખુદગર્ઝ’, ‘ખૂન ભરી માંગ’, ‘કોઈ મિલ ગયા’ અને ‘કહો ના પ્યાર હૈ’ જેવી તમામ હિટ ફિલ્મો ‘K’ અક્ષરથી બનાવી.

જે. ઓમ પ્રકાશ માત્ર એક સફળ નિર્માતા જ નહીં, પરંતુ એક કુશળ નિર્દેશક પણ હતા જેમણે સિનેમાને અનેક સંગીતમય હિટ ફિલ્મો આપી.

જે. ઓમ પ્રકાશનું જીવન એ વાતનું પ્રમાણ છે કે મહેનત અને પ્રતિભા સાથે જો નસીબનો સાથ મળે, તો ઈતિહાસ રચી શકાય છે. ભલે તે ‘A’ અક્ષરની માન્યતા હોય, પરંતુ તેમની ફિલ્મોની વાર્તા અને સંગીત આજે પણ લોકોના હૃદયમાં જીવંત છે. ભારતીય સિનેમા હંમેશા તેમને એક મનમોહક ફિલ્મોના સર્જક તરીકે યાદ રાખશે. ●